
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-1 * Issue-6

APRIL-2001

ચૈત્ર

એપ્રિલ-૨૦૦૧

આત્મ સંવત : ૧૦૫

વીર સંવત : ૨૫૨૭

વિક્રમ સંવત : ૨૦૫૭

પુસ્તક : ૯૮

त्यागिनो निर्धनस्यापि वदान्यधनिदानतः ।
सुज्ञस्योच्चतरं दानं लोककल्याणकर्मणि ॥

*

લોકકલ્યાણની દિશામાં મોટા ઉદાર ધનાઢ્ય મનુષ્યની દાનવૃષ્ટિ કરતાં જેની પાસે કંઈ પૈસો-ટકો નથી એવા સુજ્ઞ પવિત્ર ત્યાગીની દાનધારા ઘણી ચડી જાય. (મોટા શ્રીમંત યા ધરાધીશ કરતાં પવિત્ર ત્યાગી સન્ત જગતનું ભલું વધારે કરી શકે છે.) ૪૦

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬ : ગાથા-૪૦, પૃષ્ઠ-૧૩૫)*

Printed Published and owned by Shree Jain Atmanand Sabha and Printed at smruti Offset, Songadh and Published at Shree Jain Atmanand Sabha, Khargate, Bhavnagar-364001

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | વિશ્વ કલ્યાણની મંગલ ભાવના | મુનિ શ્રી મુક્તિવલ્લભવિજયજી મ. | ૧ |
| (૨) | પાપ કરવું અને થવા દેવું એ બંનેમાં માણસ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દોષિત | મહેન્દ્રભાઈ પુનાતર | ૨ |
| (૩) | અક્ષયતૃતીયાનો મહિમા અને શ્રી જૈન શાસનમાં ફરમાવેલ શુદ્ધ તપ | પૂ.આ.શ્રી કીર્તિયશસૂરીશ્વરજી મ.સા. | ૫ |
| (૪) | હિમાલયની પત્રયાત્રા | મુનિશ્રી જંબૂવિજયજી મ. | ૯ |
| (૫) | કર્મ | જશુભાઈ કપાશી | ૧૪ |
| (૬) | ભગવાન મહાવીરની મૂલ્ય પરસ્તી પાછી લાવીશું ખરા ? | લેખક : કુમારપાળ દેસાઈ<br>રજૂઆત મુકેશ સરવૈયા | ૧૬ |
| (૭) | આણું કરવા ગયો ને વહુ ભૂલી આવ્યો... | આ.શ્રી વિજયરત્નસુંદરસૂરિજી મ.સા. | ૧૯ |
| (૮) | આ હૈયાની આગ ઓકતો લેખ આપણને દઝાડે તોય ઘણું, આપણામાંથી કોક તો જાગે ! | રાયચંદ મગનલાલ શાહ-મુંબઈ | ૨૧ |


### આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી

શ્રી દીપકકુમાર ઈશ્વરલાલ સાલવી - અંધેરી, મુંબઈ-૬૯

શ્રી ધર્મેશકુમાર ચંદ્રકાંતભાઈ શાહ - દાદર, મુંબઈ-૨૮

શ્રી ઈન્દ્રવદનભાઈ જેઠાલાલ ઝવેરી - અંધેરી, મુંબઈ-૬૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગરનું મુખપત્ર

**શ્રી આત્માનંદ પ્રકાશ**

તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ

ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,

ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૫૨૧૬૯૮

*

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦

*

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધું પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાન ખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફટ :

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ

(૨) દિવ્યકાંત એમ. સલોત—ઉપપ્રમુખ

(૩) હિંમતલાલ એ. મોતીવાળા—મંત્રી

(૪) ચીમનલાલ વર્ધમાન શાહ—મંત્રી

(૫) ભાસ્કરરાય વી. વકીલ—મંત્રી

(૬) હસમુખરાય જે. હારીજવાળા—ખજાનચી

## વિશ્વ કલ્યાણની મંગલ ભાવના

સકલ વિશ્વનું કલ્યાણ થાઓ.
સકલ વિશ્વનું મંગલ થાઓ.
આ વિશ્વ ઉપર કોઈ રોગ ન રહો.
આ વિશ્વ ઉપર કોઈ ઉપદ્રવ ન રહો.
આ વિશ્વ ઉપર કોઈ વિવાદ ન રહો.
આ વિશ્વ ઉપર કોઈ વિખવાદ ન રહો.
આ વિશ્વ ઉપર કોઈ કંકાસ ન રહો.
આ વિશ્વ ઉપર કોઈ વેર--ઝેર ન રહો.
આ વિશ્વ ઉપર કોઈ યુદ્ધ ન થાઓ.
આ વિશ્વ ઉપર કોઈ હિંસા ન થાઓ.
આ વિશ્વ ઉપર ક્યાંય અતિવૃષ્ટિ ન થાઓ.
આ વિશ્વ ઉપર ક્યાંય અનાવૃષ્ટિ ન થાઓ.
આ વિશ્વ ઉપરથી વ્યભિચાર નાશ પામો.
આ વિશ્વ ઉપરથી દુરાચાર નાશ પામો.
આ વિશ્વ ઉપરથી દરિદ્રતા નાશ પામો.
આ વિશ્વ ઉપરથી ક્રૂરતા નાશ પામો.
આ ધરતી ઉપર એક પણ કતલખાનું ન રહો.
આ ધરતી ઉપર એક પણ કૂટણખાનું ન રહો.
આ ધરતી ઉપર એક પણ શરાબખાનું ન રહો.
આ ધરતી ઉપર એક પણ જુગાર ખાનું ન રહો.
સહુને સન્મતિ મળો.

*—મુનિ શ્રી મુક્તિવલ્લભવિજયજી મ. સા.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પાપ કરવું અને થવા દેવું એ બંનેમાં માણસ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દોષિત

*મહેન્દ્ર પુનાતર*

જીવન રહસ્યપૂર્ણ છે, ક્યારે શું થશે તેની કોઈને ખબર હોતી નથી. સમય અને સંજોગોની સાથે બધું બદલતું રહે છે, પરિવર્તિત થતું રહે છે. જીવનની બે બાજુઓ છે એક એનું વિધાયક રૂપ અને બીજું નિષેધક રૂપ. એક હકારાત્મક છે, બીજું નકારાત્મક, એક સક્રિય છે બીજુ નિષ્ક્રિય. આ બે પહેલું પર જીવનનું ચક્ર ચાલ્યા કરે છે. જીવનમાં આપણે જે કાંઈ છીએ અને જે કાંઈ કરીએ છીએ તેમાં આ બંનેનું પ્રદાન હોય છે. પાપ અને પુણ્ય આ બે પહેલુઓ પર આધારિત છે. પાપ અને પુણ્ય કેટલીક વખત આડકતરી રીતે થતા હોય છે. સક્રિય રહીને અથવા નિષ્ક્રિય રહીને કરવાનું છે તે નહિં કરીને અથવા તો નહીં કરવાનું કરીને માણસ પાપ અને પુણ્યનું પોટલું બાંધતો હોય છે.

સાધારણ રીતે આપણે માનીએ છીએ કે પાપ અને પુણ્ય સક્રિય રીતે થઈ શકે છે. આપણે કાંઈક કરીએ છીએ તેમાંથી આ નિર્માણ થતું હોય છે. કશું નહિ કરવાથી પાપ કે પુણ્ય થઈ શકે છે તે વાત આપણી સમજમાં ઊતરી શકતી નથી. કોઈ માણસ લૂંટાઈ રહ્યો છે, કોઈ પર જુલ્મ થઈ રહ્યો છે. કોઈ જીવને મારી નાખવા માટે કોઈ તૈયાર થયું છે. અને આપણે ઊભા ઊભા જોઈ રહ્યા છીએ. કશું કરતાં નથી તો ભગવાન મહાવીર કહે છે આ પાપ થઈ ગયું. નકારાત્મકરૂપથી નિષ્ક્રિય રહીને આપણે પાપમાં ભાગીદાર થઈ ગયા. જે ઘટના આપણે રોકી શકતા હતા તે રોકી નહીં. આપણે ભલે પાપ કર્યું ન હોય પરંતુ પાપને થવા દીધું. તો આપણે તે માટે દોષિત છીએ.

પાપ આપણે પોતે કરીએ અથવા બીજાને કરવા દઈએ એમાં કશો ફરક પડતો નથી. દુનિયામાં પાપ કરવાવાળા માણસો વધારે નથી પરંતુ નિષ્ક્રિય રહીને પાપ કરવા દેવાવાળા માણસો વધારે છે. જેને કારણે પાપ અને દુષ્કૃત્યો વધ્યા છે. પાપ કરવું અને પાપ થવા દેવું એ બંને માટે માણસ જવાબદાર છે.

મન, વચન અને કાયાએ કરીને ૪૨ કારણરૂપ આસ્રવોથી ઉત્પન્ન થનારા કર્મોને રોકનાર આત્માના શુદ્ધ ભાવોનું નામ છે સંવર. જૈન શાસ્ત્રકારોએ સંવરના ૫૭ ભેદ બતાવ્યા છે. અર્થાત્ ૫૭ પ્રકારે આવતા કર્મોને અટકાવી શકાય છે. આ ૫૭ પ્રકારો છે ૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૧૦ યતિધર્મ, ૧૨ ભાવના, ૨૨ પરિષહ અને ૫ ચારિત્ર્ય. આમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ પર ખાસ ભાર મુકાયો છે. આમાં સાધનાનું એક વિધાયક પાસું છે અને બીજું નિષધક, પાંચ સમિતિ વિધાયક પાસુ છે અને ત્રણ ગુપ્તિ નિષેધાત્મક પાસુ છે. આ આઠ સૂત્રો વચ્ચે રહેલો મર્મ જે પકડી લે છે. આ આઠની વચ્ચે જીવન જીવવાની કળા જે હસ્તગ્રત કરી લે છે તે ધર્મના સ્વરૂપને યથાર્થ રીતે જાણી શકે છે. આ આઠ સૂત્રોને જે જાણે છે તે ધર્મ વિષે બોલવાને હક્કદાર બની જાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. કારણ કે ધર્મનો તેને સ્વયં અનુભવ થઈ જાય છે.

આજે માણસ બોલી રહ્યો છે પરંતુ તે શું બોલી રહ્યો છે તેની તેને કેટલીક વખત ખબર રહેતી નથી. માણસ જે કાંઈ કહે છે તેની જાણકારી સંપૂર્ણ હોતી નથી. પોતાની વાત ભારપૂર્વક કહેવાથી અને પોતાની વાત બીજાને ઠસાવવાથી અહંકારને તૃપ્તિ મળે છે. માણસ જાણતો હોય કે ન જાણતો હોય પરંતુ સલાહ આપતો રહે છે. કોઈ પણ બાબતને જાણ્યા વગર સમજ્યા વગર ડહાપણ ડોળવાથી કોઈને ફાયદો થતો નથી. સત્ય શું છે તે આપણે જાણતા ન હોઈએ ત્યારે આપણે તો ભટકી જઈએ છીએ પરંતુ બીજાને પણ ભટકાવી દઈએ છીએ. જેનો પોતાનો કોઈ માર્ગ હોતો નથી એવા માણસો બીજાને માર્ગદર્શન આપતા હોય છે. હું જ જ્ઞાની છું. હું જ જાણું છું એવો ભાવ એ અહંકારની ઊપજ છે.

મહાવીર ભગવાને કહ્યું છે જેઓ આ આઠ સૂત્રો અને સાધનામાંથી પસાર થયા નથી તેમનું બોલવાનું અને સલાહ આપવાનું વ્યર્થ છે. સ્વયંનો જેને અનુભવ નથી. તે બીજાને કઈ રીતે દોરી શકે? મહાવીરે ખુદ ૧૨ વર્ષ સુધી મૌન ધારણ કર્યું હતું. બોલવું સહેલું છે પણ મૌન રાખવું મુશ્કેલ છે. ૧૨ વર્ષ સુધી મૌન રહે તેને કશું કહેવાનું રહે જ નહીં.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં સમિતિ વિધાયક સકારાત્મક છે અને ત્રણ ગુપ્તિઓ નિષેધક નકારાત્મક છે. આ પાંચ સમિતિઓ છે ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને પારિષ્ઠાપનિકા.

ઈર્યાનો અર્થ છે, સાધક જે કંઈ કરે તેમાં સાવધાની રાખે. ચાલવા ફરવાની ક્રિયામાં કોઈ પણ જીવને સહેજ પણ દુઃખ ન પહોંચે તેનો ખ્યાલ રાખે, અને હિંસા ન થાય તે માટે સંપૂર્ણ જાગૃતિ રાખે. મહાવીર ભગવાને કહ્યું છે ઉઠો, બેસો, ચાલો એમાં સાવધાની અને જાગૃતિ રાખો. કોઈ પણ પ્રવૃત્તિ બેહોશીમાં ન થાય તેનો પૂરો ખ્યાલ રાખવો તેનું નામ ઈર્યા સમિતિ. આપણે જે કાંઈ કરી રહ્યા છીએ તે બેહોંશીમાં કરી રહ્યા છીએ. માણસ જયારે ખરાબ કામ કરે છે ત્યારે હોંશ ગુમાવી બેસે છે. મૂર્ચ્છિત બની જાય છે. હિંસામાં, હત્યામાં, જૂઠમાં, ચોરીમાં, પાપમાં વાસનામાં માણસ હોંશમાં રહેતો નથી. બેહોશ બની જાય છે. જાગે છે ત્યારે અફસોસ થાય છે. પસ્તાવો થાય છે. આ મેં શું કરી નાખ્યું? આ મારાથી કેવી રીતે થઈ ગયું? આપણે નશામાં, બેહોંશીમાં જીવી રહ્યા છીએ. કોઈને ધનનો, કોઈને પદનો તો કોઈને પ્રતિષ્ઠાનો નશો છે. સાધનાનો અર્થ છે આ નશાને તોડી નાખવો અને હોંશમાં સંપૂર્ણ જાગૃતિથી જીવવું. જે હોંશ સંભાળે છે તેને કોઈ નશો ચડતો નથી.

ભાષા સમિતિ એટલે હોશપૂર્વક, સંયમપૂર્વક ભાષાનો ઉપયોગ કરવો. આ સંયમ એટલી હદ સુધીનો હોવો જોઈએ કે જયાં ભાષા મૌન બની જાય. અને મૌન ભાષા બની જાય. ભાષાનો ઉપયોગ જ્યાં જરૂરી હોય ત્યાં જ થાય બોલવાનું જ્યાં જરૂરી હોય ત્યાં જ બોલાય. આપણે બોલીએ છીએ ત્યારે જ ભાષાનો ઉપયોગ થાય છે એવું નથી. આપણે કશું બોલતા નથી ત્યારે પણ ભાષાનો મનોવ્યાપાર ચાલુ રહે છે. આ ભીતરનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોવ્યાપાર આપણી ઊર્જાને ખતમ કરી નાખે છે. બોલવું નહીં એટલે અંદરથી પણ ચૂપ થઈ જવું. માણસ અસ્વસ્થ છે કારણ કે તે અંદરથી વિક્ષિપ્ત છે. વિચારોના ઘોડાઓ અંદર ચાલ્યા કરે છે. સાધના માટે બહારનું અને અંદરનું મૌન જરૂરી છે.

ત્રીજી સમિતિ છે એષણા. આનો અર્થ છે જીવન જીવવા માટે જેટલું જરૂરી છે તેનો સંયમપૂર્વક, વિચારપૂર્વક અને હોશપૂર્વક ઉપયોગ કરવો અને એટલું જ સ્વીકારવું. ઇચ્છાને--વાસનાને સીમિત કરી દેવાની આમાં વાત છે. એકવાર ભોજનથી જીવન ચાલી શકે તો બે વાર ભોજન લેવાની આવશ્યકતા નથી. પાંચ કલાકમાં ઊંઘ પૂરી થઈ જાય તો પછી સૂઈ રહેવાનો કોઈ અર્થ નથી. જરૂર કરતા કોઈપણ ચીજનો જેટલો ઉપયોગ વધુ તેટલો તે ભોગ બની જાય છે. અને આ ભોગ છેવટે રોગ બની જાય છે. જેટલાથી ચાલી શકે તેટલાથી ચલાવવું.

આદાનનિક્ષેપ સમિતિ એટલે પોતાના કામમાં આવનાર ચીજોને એવી રીતે લેવી કે મૂકવી જેથી હિંસા ન થાય. લોકો જે આપે તેમાં સીમા રાખવી. સંયમ રાખવો. લોકો જે બધું આપે તે સ્વીકારી લેવું નહિં, જરૂર-ખપ પૂરતું સ્વીકારવું અને જરૂરત હોય તો લેવું નહીંતર આભાર માનીને આગળ વધી જવું.

પારિષ્ઠાપનિકા સમિતિ એટલે થૂંક, શરીરનો મેલ, અન્ન, પાણી વગેરે ચીજો એવા સ્થાને મૂકવી જેથી હિંસા ન થાય અને બીજા કોઈને મુશ્કેલી ન પડે. શરીરના જે કોઈ તત્ત્વો બહાર જાય તેનાથી કોઈને કશી હાનિ ન પહોંચે તેનો ખ્યાલ રાખવાની આ વાત છે.

ત્રણ સમિતિઓ છે મનોગુપ્તિ, વચનગુપ્તિ, અને કાયગુપ્તિ. ગુપ્તિનો અર્થ છે સંકોચાઈ જવું. સમેટી લેવું, સીમિત થઈ જવું. મનોગુપ્તિ એટલે મનની ચંચળતાને રોકવી. મનના ફેલાવાને સીમિત કરી દેવો. મનનો વ્યાપ આક્રોશ જેટલો છે. મન એક પળમાં સેંકડો માઈલ દૂર જઈ શકે છે. મનને ભટકતું રોકીને એટલું સીમિત કરી દેવાનું છે કે તે હૃદયમાં સમાઈ જાય. મન વાસનામાં, ઇચ્છામાં કે એષણામાં ભટકે નહીં તેનો ખ્યાલ રાખવાનો છે. મનને કાબૂમાં રાખવાનું એટલું જ નહીં પરંતુ તેને ઇચ્છારહિત બનાવી દેવાનું છે.

વચનગુપ્તિ એટલે શબ્દોની જાળને ફેલાવવી નહીં. નિરર્થક પ્રલાપ કરવો નહીં અને જે બોલવું તે સત્ય અને પ્રિય બોલવું. વાણીને સંયમમાં રાખવી. તેનો દુરુપયોગ બિલકુલ થવા દેવો નહીં. શબ્દો કમાનમાંથી છૂટેલા તીર જેવા હોય છે. એક વખત છૂટ્યા પછી તેને અટકાવી શકાતા નથી.

ત્રીજી છે કાયગુપ્તિ. શરીરનું ગોપન કરવું. વિના પ્રયોજન શારીરિક ક્રિયા કરવી નહિં. શરીરની સ્વચ્છંદ ક્રિયાનો ત્યાગ કરવો. કાયાને ફેલાવવી નહીં. શરીરને સપ્રમાણ નિયંત્રિત રાખવું.

આ પાંચ સમિતિઓ ચારિત્ર્ય નિર્માણ કરે છે અને ગુણોને વિકસાવે છે અને ત્રણ ગુપ્તિઓ અશુભ તત્ત્વોને અટકાવે છે. આ આઠ મુક્તિના સૂત્રો છે. આ સાધના છે. આપણે જ્યાં જ્યાં બંધનોમાં જકડાયેલા છીએ ત્યાં ત્યાં શૃંખલાઓને તોડવાની આ પ્રક્રિયા છે.

*(મુંબઈ સમાચાર તા. ૬-૬-૯૯ના દૈનિકમાંથી સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અક્ષયતૃતીયાનો મહિમા અને શ્રી જૈન શાસનમાં ફરમાવેલ શુદ્ધ તપ

*લેખક : પૂ. આ. શ્રી કીર્તિયશસૂરિશ્વજી મ. સા.*

અનંત ઉપકારીશ્રી જ્ઞાની ભગવંતોએ તપનો ભારે મહિમા ગાયો છે. આજે જે તપનો મહિમા છે, તે વર્ષીતપ આ અવસર્પિણીના પ્રથમ તીર્થપતિશ્રી ઋષભદેવ ભગવાને સંપૂર્ણપણે કર્યો હતો. એમની યાદીમાં માત્ર એમના તપની આંશિક આચરણા રૂપે વર્તમાનમાં આ વર્ષીતપ કરવામાં આવે છે. શ્રી જિનેશ્વર પરમાત્માઓ પૂર્વના ભવમાં એવી આરાધના કરીને આવ્યા હોય છે—આરાધનાનો અભ્યાસ એવો ઉત્કટ બનાવીને આવ્યા હોય છે કે, તેઓ સ્વાભાવિક રીતે આવા ઉત્કૃષ્ટ તપો વગેરેની સાધના કરી શકે છે.

સાધુને નિર્દોષ આહાર—પાણી મળે તો તેનાથી સંયમની સાધના સારી થઈ શકે. દોષિત આહાર—પાણી સંયમી જીવનને મલિન કરનારા છે. સાધુને તો કોઈ દિવસ નિર્દોષ અશન મળે તો નિર્દોષ પાણી ન મળે, કોઈ દિવસ નિર્દોષ પાણી મળે તો નિર્દોષ અશન ન મળે. અને કોઈ દિવસ અશન—પાણી બેય ન મળે એવા પણ આગમોમાં ઉલ્લેખો આવે છે. જ્યારે જે નિર્દોષ મળે ત્યારે તે વાપરવું, દોષિત ન વાપરવું તે જ સાધુ માટે મોટામાં મોટો તપ છે. શરીરની અક્ષમતા વગેરે કારણોએ જ સાધુએ ભિક્ષા લેવા માટે જવાનું છે. આ તપમાં ઇચ્છાનિરોધ ઘણો જોઈએ. એટલે જ સાધુ માટે આ મોટામાં મોટો તપ છે.

પરમ ઉપકારી તીર્થપતિએ પ્રથમથી જ ૧૩ માસના ઉપવાસ નહોતા કર્યા. પરંતુ નિર્દોષ ભિક્ષા લેવા માટે વિધિપૂર્વક ત્રીજા પ્રહરે નીકળતા. તે કાળે પ્રજા ખૂબ સુખી હતી. ભિક્ષાચર કોઈ હતા નહીં. તે સમયની પ્રજા ભિક્ષા શું? દાન શું? તે જાણતી નહોતી અને પ્રભુ તો મૌન રહેતા. એટલે કાંઈ બોલે નહિ...ભગવાન ઉપર પ્રજાનો પ્રેમ અપાર હતો. એટલે પ્રભુ ભિક્ષાએ આવે ત્યારે લોકો હીરા—માણેક—સોનું—વસ્ત્ર—કન્યા વગેરે ભાવ-પૂર્વક ધરતા. પરંતુ પ્રભુને તો એ કાંઈ ખપે નહિ અને નિર્દોષ આહાર—પાણી ન મળતાં પાછા ફરતા અને ફરી ધ્યાનમાં ઊભા રહેતા. પ્રભુ દિવસના ત્રીજા પ્રહર સિવાય અહોરાત્રિના સાતેય પ્રહર સુધી ધ્યાનમાં રહેતા. ફરી બીજે દિવસે ત્રીજા પ્રહરે ભિક્ષાએ નીકળતા. પરંતુ નિર્દોષ ભિક્ષા ન મળતી એટલે ફરી પાછા આવીને એ જ પ્રમાણે ધ્યાનમાં ઊભા રહેતા. આમ કરતાં કરતાં કેટલો સમય પ્રભુએ તપ કર્યો?

ફાગણ વદ-૭ થી ઉપવાસ શરૂ થયા. ફાગણ વદ—૮ના દીક્ષા ગ્રહણ કરી અને ફાગણ વદ—૯થી પ્રભુ ઉપર મુજબ ભિક્ષાએ ફરતા અને નિર્દોષ ભિક્ષા પ્રાપ્ત ન થતી. એમ બીજા વર્ષના વૈશાખ સુદ—૨ સુધી ચાલ્યું. એટલે ૧૩ માસ અને ૧૧ દિવસના ચોવિહાર ઉપવાસ થયા અને વૈશાખ સુદ—૩ના દિવસે શ્રેયાંસકુમારના હસ્તે નિર્દોષ ઇક્ષુરસથી ભગવાનને પારણું થયું. ભગવાને કર્યો તે મુજબનો તપ કરવાની આપણી તો તાકાત નથી, પરંતુ તેના અનુકરણ રૂપ આજે એક દિવસ ઉપવાસ અને વચમાં પારણું કરી આ તપ કરાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન શાસનમાં તપ કરનારા જીવ, તપ ન કરનારા જીવ પ્રત્યે તિરસ્કાર ભાવ ન રાખે, તેમજ તપસ્વીને પારણું કરાવનારને પોતાથી તપ ન થયો તેનું દુઃખ પણ હોય. વર્ષીતપનાં પારણાં કરાવનારને પોતામાં શક્તિ પેદા થાય તો વર્ષીતપ કરવાની ભાવના હોવી જોઈએ.

તપ કરનાર જ્ઞાની હોવો જોઈએ. તેને ભગવાનની આજ્ઞાની ખબર હોવી જોઈએ. જેથી લોકવ્યવહારમાં પણ આજ્ઞા મુજબ ઔચિત્ય સાચવી પોતાના સ્નેહી–સંબંધીઓમાં પણ પોતે જે ધર્મક્રિયાદિ કરે છે. તે તરફ બહુમાનભાવ પેદા કરે અને તે બધાને એવા રાજી કરે કે, તેઓ પોતાની ધર્મક્રિયા જોઈને રાજી થાય. એ રીતનો ઉચિત વ્યવહાર પણ ધર્મ બની જાય અને અનેક જીવોને ધર્માભિમુખ બનાવવાનું અંગ બની શકે.

ઘણા જીવો નામના–કીર્તિ આદિ માટે હજારો રૂપિયા ખર્ચે છે. પરંતુ સીદાતા–સ્નેહી–સાધર્મિકો તરફ નજર પણ નથી કરતા. તેના દાનની કાંઈ જ કિંમત શાસ્ત્રે આંકી નથી, પરંતુ તેને ધર્મવિરાધક કહ્યા છે. જે જીવ ભગવાનની આજ્ઞા સમજતો હોય છે, તે તો યથાશક્તિ સ્નેહીઓને સહાય, સાધર્મિકોની ભક્તિ અને દીનાદિની અનુકંપા કરતો જ હોય.

તપસ્વી તપ ગુણને દીપાવે છે. તપથી દીપનારા આરાધક છે અને તપને દીપાવનારા પ્રભાવક છે. તપથી ખુદ પોતે શોભે તે આરાધક અને તપ ગુણને દીપાવે તે તપનો પ્રભાવક છે. આત્મસ્વરૂપમાં રમણતા કરનારો, જિનની દ્રવ્ય અને ભાવપૂજા કરનારો તથા કષાયોને દૂર કરનારો જીવ તપ ગુણને દીપાવનારો બને છે.

જે કોઈ તપસ્વીના પરિચયમાં આવે તેને તે ધર્મ પમાડતો જાય. તે તપ ગુણનું અન્યમાં રોપણ છે. તપસ્વીને પારણું કરાવનાર તપસ્વીની ભક્તિ કરવા સો ચીજ બનાવે, પરંતુ તપસ્વી તેમાં લલચાય નહિ. તપસ્વીની ત્યાગવૃત્તિથી ભક્તિ કરનારાઓમાં ધર્મના બીજ પડે.

શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાનો લોપ થાય તેવું કોઈ કાર્ય તપસ્વી ન કરે. સઘળા આસ્રવોનો લોપ કરે અને શક્તિ ન હોય તો યથાશક્ય આસ્રવોનો ત્યાગ કરે. તપ કરનાર કદી પણ કોપ ન કરે. આવા ગુણોવાળો તપસ્વી શ્રી જૈન શાસનમાં પાંચમા નંબરનો પ્રભાવક કહ્યો છે.

**सानुबंध जिनाज्ञा** તપમાં શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાનું પાલન એવું કરે કે, તે જીવ સંસારમાં જ્યાં સુધી રહે ત્યાં સુધી જિનની આજ્ઞા તેની સાથે રહે. કદાચ કોઈ વાર ભૂલાઈ જાય તો પણ ઝટ પાછી આવી જાય. તપ કરનારો જીવ ભગવાનની આજ્ઞા સમજવાનો પ્રયત્ન કરનારો જ હોવો જોઈએ. તપના અવસરે તપ કરે અને પછી રાત્રિ–ભોજનાદિ કરે તો તે જીવ તપનો પ્રભાવક તો ન બની શકે, પણ તપની નિંદા કરાવવામાં નિમિત્ત બની પાપનો ભાગીદાર પણ બની જાય.

આ રીતે જે તપમાં શીલપાલનરૂપ સામાન્ય અને આત્મરમણતારૂપ વિશેષ બ્રહ્મચર્યનું પાલન હોય, શ્રી જિનેશ્વર દેવની દ્રવ્ય–ભાવપૂજા હોય, કષાયોની હત્યા હોય અને સાનુબંધી જિનાજ્ઞા હોય તે તપ શ્રી જિન શાસનમાં શુદ્ધ તપ ગણાય છે.

જેઓએ આ પ્રકારે શુદ્ધ તપ વિધિપૂર્વક કર્યો હોય, તેનું ભાવપૂર્વક અનુમોદન કરવાનું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેઓ શક્તિ-સંયોગને અભાવે તપ ન કરી શકે તેઓ પણ જો ભાવપૂર્વક આવા શુદ્ધ તપ કરનાર તપસ્વીનું અનુમોદન કરે તો તેમને પણ નિર્જરાનો લાભ પ્રાપ્ત થાય છે. તપ માત્ર શરીરને તપાવવા માટે નથી કરવાનો. પરંતુ આત્મા પર અનાદિ કાળથી ઘર કરી બેઠેલા કર્મોનો જડમૂળથી નાશ કરવા માટે કરવાનો છે. સંસાર જેને ભયંકર ન લાગે તેને તપ કરવાની ઈચ્છા કેમ થઈ એ શંકા ઊભી થાય છે! સંસાર જેને ભયંકર લાગે, તેનો જ તપ સફળ બને. સંસાર જેને ભયંકર લાગે તે જીવ સંસારમાં રહ્યો હોય, છતાં પણ રાગી, સર્વવિરતિનો જ હોય અને દ્વેષી, સંસારનો જ હોય.

તપની શક્તિવાળા વિધિ મુજબ તપ કરે, શક્તિ વિનાના, તપ કરનારને અનુકૂળતા કરી આપે અને તપ કરાવવાની પણ શક્તિ વિનાના, તપ અને તપસ્વીનું તથા તપ કરાવનારનું ભાવપૂર્વક અનુમોદન કરે તો તે બધાં જીવો આત્મકલ્યાણના ભાગી બની શકે છે. તેઓનો આ અસાર સંસારથી વહેલામાં વહેલો નિસ્તાર થાય. આપણા સૌના પણ આ પ્રમાણે આ અસાર સંસારથી નિસ્તાર થાય અને આપણે સૌ પરમાત્મ પદના ભોક્તા બનીએ એ જ એક શુભાભિલાષા.

(તપસ્યા કરતાં કરતાં હો, ડંકા જોર બજાયા હો' પુસ્તકમાંથી સાભાર.)

*સંકલન : દિવ્યકાંત એમ. સલોત.*


## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦ ફેક્સ નં. (૦૨૭૮)) ૪૩૦૧૯૫

**: શાખાઓ :**

| | | | |
|---|---|---|---|
| ડોન : કૃષ્ણનગર<br>ફોન : ૪૩૯૭૮૨ | વડવા પાનવાડી<br>ફોન : ૪૨૫૦૭૧ | રૂપાણી-સરદારનગર<br>ફોન : ૫૬૫૯૬૦ | ભાવનગર-પરા<br>ફોન : ૪૪૫૭૯૬ |
| રામમંત્ર-મંદિર<br>ફોન : ૫૬૩૮૩૨ | ઘોઘા રોડ શાખા<br>ફોન : ૫૬૪૩૩૦ | શિશુવિહાર સર્કલ<br>ફોન : ૪૩૨૬૧૪ | |

**તા. ૧-૪-૨૦૦૧ થી થાપણો ઉપરના સુધારેલ વ્યાજના દર**

| સલામત રોકાણ | આકર્ષક વ્યાજ | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૫.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૯ ટકા |
| ૯૧ દિવસથી ૧ વર્ષ અંદર | ૬.૫ ટકા | ૩ વર્ષ કે તે ઉપરાંત | ૧૦ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૮.૫ ટકા | | |

**૮૫ માસે રકમ ડબલ મળશે.**

**સેવિંગ્ઝ ખાતામાં વ્યાજનો દર તા. ૧-૪-૨૦૦૧ થી ૫ ટકા રહેશે.**

**મનહરભાઈ એચ. વ્યાસ** — જનરલ મેનેજર
**નિરંજનભાઈ ડી. દવે** — મેનેજિંગ ડીરેક્ટર
**વેણીલાલ એમ. પારેખ** — ચેરમેન


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રેમ જગતના જીવો પ્રત્યેનો

પોતાના ભાઈને ત્યાં કો'ક પ્રસંગે બહેન જમવા ગઈ.... જમણવારમાં બટાટાનું શાક હતું....જમણવાર પત્યા પછી બહેને ભાઈ પાસે જવાની રજા માંગી....ભાઈએ બહેનને શીખ આપવા ઘરેણાનું બોક્સ કાઢ્યું....

'શીખ આપવી જ છે ?' બહેને પૂછ્યું.

'હા...'

'તો આપણા ભગવાન કહે છે કે સુવર્ણના પર્વતના દાન કરતાં પણ એક જીવને આપેલું અભયદાન વધુ મહત્વનું છે. જો તું શીખ આપવા માગતો જ હોય તો મારે આ અનંતકાયના જીવોનું અભયદાન જોઈએ.'

બહેનની આ વાત સાંભળીને ભાઈની આંખમાં આંસુ આવી ગયા.... જિંદગીભરને માટે કંદમૂળનો ત્યાગ કરી દીધો....

અંતરમાં ભગવાનના શાસન પ્રત્યે અહોભાવ હોય તો જ આવું સત્વ પ્રગટે....ઘરેણાના બોક્સને છોડીને જીવોના અભયદાનની માંગણી કરવા પાછળ અંતરમાં જીવદયા પ્રત્યે કેવી લાગણી હશે? એ વિચારજો....ક્યારે આવશે આપણા જીવનમાં આવી સાત્ત્વિકતા? યાદ રાખજો....જીવો પ્રત્યે જે દયાળુ બને છે તેના પ્રત્યે કર્મસત્તા દયાળુ બન્યા વિના રહેતી જ નથી !

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

❀

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિમાલયની પત્રયાત્રા

*આલેખક : પૂ. મુનિરાજશ્રી જંબૂવિજયજી મ.*
*પ્રેષક : પૂ. આ. વિ. પદ્યુમ્નસૂરિશ્વરજી મ.*

## પત્ર–૮

**મલેથા** **વૈશાખ વદી-૧૪**

સ્વામી સત્યાનંદજી તથા હોસ્પિટલના ડોક્ટર શ્રીરામ રતુડી અમને ખૂબ પ્રેમથી વળાવવા આવ્યા. શ્રી રામ રતુડીએ અમને ઘણી ઘણી સહાય કરી હતી. ઘણાને સ્વસ્થ કરી દીધા હતા.

લછમોલિથી વિહાર કરી પાંચ કિલોમીટર મલેથી આવ્યા. સડકથી નીચે નજીકમાં જ ત્રણ સ્કુલ છે, એમાં મુકામ કર્યો. રસ્તામાં અલંકનંદાના કિનારે જ વિહાર ચાલે છે. છતાં બહુ મોટી ખીણ નથી. ઋષિકેશથી નીકળ્યા પછી પહેલી જ વાર નદી કિનારે મોટાં મોટાં મેદાનો જોયાં, જયાં ખેતી સારી રીતે થાય છે. અનેક ઘરોનો વસવાટ પણ છે. નાનાં નાનાં ગામોં છે. ભલે પહાડ હોવાને કારણે ઊંચા–નીંચા ઢોળાવ છે. છતાં પર્વતના જુદા ઢોળાવમાં પણ સારી રીતે ખેતી લોકો કરે છે.

ત્રણ સ્કુલો અલકનંદાના કિનારે ઊંચા નીચા ખડકો ઉપર છે. સરકારે શિક્ષણ આપવા માટે પાંચ પાંચ કીલોમીટરના અંતરે સ્કુલો ખોલી છે કે જેથી આજુબાજુના નાના–નાના ગામોમાં રહેતા વિદ્યાર્થીઓ ભણવા આવે. પહાડના શિખર ઉપર પણ સ્કુલ ખોલી છે. જેથી ત્યાં રહેતા વિદ્યાર્થીઓ પણ ભણવા આવી શકે. ધીમે ધીમે શિક્ષણનો પ્રસાર પહાડમાં અને પહાડી લોકોમાં પણ વધી રહ્યો છે.

પહાડના ગામડાઓમાં જવા માટે સરકાર લાખોના ખર્ચે રસ્તાઓ પણ બનાવી રહી છે.

અમે અત્યારે ટ્રિહરી ગઢવાલના પ્રદેશમાંથી પસાર થઈ રહ્યા છીએ.

સ્કુલના આંગણામાં ઝાડ નીચે નાના–મોટા પથરા ઉપર આસન નાખીને અમારા વિવિધ સ્વાધ્યાયો–વાચનો–સંશોધનો આદિ ચાલી રહ્યા છે.

સાંજે મલેથાથી વિહાર કરી પાંચ કિલોમીટર ઉપર એક સ્થાને પહોંચવા જવા નીકળ્યા. મલેથાથી ત્રણ કિલોમીટર કીર્તિનગર છે. ડાબી બાજુ પહાડ છે અને જમણી બાજુ અલકનંદા નદી વહે છે. થોડું ચાલ્યા પછી જોયું તો અલકનંદાના સામા કિનારે લાઈન બંધ અદ્યતન ઢબના બંગલા જ બંગલા છે. આખા રસ્તે બંગલાઓ બાંધેલા છે. કીર્તિનગર સુધીનો રસ્તો લાઈનબંધ બંગલાઓથી ભરેલો છે. ચારેક કીલોમીટર ચાલ્યા પછી પુલ આવ્યો. પુલ ઓળંગીને પૌડી ગઢવાલ જિલ્લામાં અમે દાખલ થયા. ઉફડલા ગામે આવ્યાં ત્યાં મેદાનમાં તંબુ નાખેલા હતા તેમાં મુકામ કર્યો. પહાડ હોવા છતાં ચારે બાજુ ઉપર નીચે વસ્તી તથા મકાનો જોવા મળે છે.

## પત્ર–૯

**શ્રીકોટ** **વૈશાખ વદી–૧૧**

વંદના. આજે સવારમાં ઉફડલાથી વિહાર કરી ચારેક કીલોમીટર દૂર શ્રીનગર આવ્યા. અલકનંદાનો પટ પણ ઋષિકેશ–હરદ્વાર જેવો ઘણો વિશાળ થઈ ગયો છે. આખા રસ્તે મકાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા માણસોની વસ્તી છે. સિમલા જેવા હીલસ્ટેશનમાં કે માઉન્ટ આબુ-દેલવાડા જેવા સ્થાનમાં ફરતા હોઈએ એવું લાગ્યું.

રસ્તામાં મિલિટરીના—લશ્કરનો મોટો કેમ્પ આવ્યો. આપણા સાધુઓને એમણે ક્યારેય જોયેલા નહિ. એટલે પાસે આવીને દાંડા સાથે બાંધેલા દંડાસણ વિષે પૂછવા લાગ્યા કે આ શું છે વગેરે વગેરે 'અમે જૈન સાધુ છીએ. જિંદગીભર પગે ચાલીએ છીએ.' અહિંસાનો ઉપદેશ આપીએ છીએ વગેરે વગેરે વાતો થઈ તેમણે વાસક્ષેપ નંખાવ્યો કે આશીર્વાદ અમને આપો. વળતાં પાછા ફરો ત્યારે મિલિટરી કેમ્પમાં આવેલા ગેસ્ટહાઉસમાં મુકામ કરજો વગેરે એમણે કહ્યું.

તે પછી બજારમાં થઈને એક નાના રસ્તા ઉપર આવ્યાં. ત્યાં દિગંબર જૈન મંદિર છે. ચાર–પાંચ દિગંબરોનાં ઘરો છે. મંદિરનું મોટું આંગણું છે. પાછળ મોટા બે હોલ બાંધેલા છે.

દિગંબર આચાર્યશ્રી વિદ્યાનંદજીએ અહીં ૩૦ વર્ષ પૂર્વે ચોમાસું કર્યું હતું. ત્યારે આંગણામાં તંબુ બાંધીને તેમાં રહ્યા હતા. રાજેન્દ્ર પ્રસાદજી દેરાસર સંભાળે છે. બીજા એક શ્રાવક મોહનલાલજી અહીં મ્યુનિસિપાલીટીમાં ચેરમેન છે. શ્રીનગરમાં ૩૦ હજાર જેટલી વસ્તી છે. મોટું શહેર યુનિવર્સિટી છે. સ્કુલ કોલેજો વગેરે ઘણું છે. મોટું બજાર છે. જ્યાં માણસોની વસ્તી હોય ત્યાં ગંદકી વગેરે તો હોય જ. મચ્છર આદિ પણ હોય. પહાડમાં પણ—નદી કિનારાની ભેખડોમાં પણ માણસો ઊંચે–નીચે કેવી રીતે મકાનો તથા બંગલાઓ બાંધીને રહે છે એ પણ જોવા મળ્યું.

રાજેન્દ્રપ્રસાદજીએ તથા મોહનલાલજીએ ખૂબ સદ્ભાવ દર્શાવ્યો. રાજેન્દ્રપ્રસાદજીનો પુત્ર મનોજકુમાર જૈન, અમને દૂર સુધી વળાવવા આવ્યો. સામાન્ય માણસોના મનમાં દિગંબર–શ્વેતાંબર ભેદભાવો કે પૂર્વગ્રહો હોતા નથી.

શ્રીનગરમાં દિગંબર મંદિરમાં શ્રી ઋષભદેવ ભગવાનના દર્શન–વંદન કરી, ત્યાંથી ત્રણેક કિલોમિટર દૂર શ્રીકોટ આવ્યા છીએ. હવે જમણી બાજુ પહાડ છે. ડાબી બાજુ અલકનંદા વહે છે. સડકથી થોડું નીચે ઉતરીને અલકનંદાના કિનારે જ સ્કુલ છે. એમાં અમે મુકામ કર્યો છે. સડક ઉપર આખા રસ્તે બંને બાજુ વસ્તી છે. શ્રીનગર ક્યાં પૂરૂં થયું અને શ્રીકોટ ક્યાં શરૂ થયું. એની ખબર પણ અમને ન પડી.

**मा अलकनन्दा के प्राकृतिक सौंदर्यका आनंद लो, एवं धीरे धीरे चलो।** આવાં જાત–જાતનાં બોર્ડ રસ્તા ઉપર લગાવેલા છે.

ગુજરામાં વડતાલની આજુ–બાજુમાં માણસો મળે ત્યારે 'જય સ્વામીનારાયણ' એમ કહીને એક બીજાનું સ્વાગત કરતા હોય છે, કેટલાક વળી 'જય સીતારામ' આદિ કહીને સ્વાગત કરતા હોય છે. એમ અહીં જય બદ્રી વિશાલ અથવા જય બદ્રી એમ કહીને સ્વાગત કરવાની પદ્ધતિ છે. બદ્રીનાથનો અહીં ઘણો મહિમા છે. હજુ અહીંથી લગભગ ૨૦૦ કીલોમીટર બદ્રીનાથ દૂર છે. નવાં નવાં દૃશ્યો જોતાં અને નવા નવા અનુભવો કરતા અમે બદ્રીનાથ તરફ દેવ–ગુરુ કૃપાથી આગળ ચાલી રહ્યા છીએ.

સાંજે સાડા પાંચે, શ્રી કોટથી વિહાર કરી ૮ કીલોમીટર દૂર ચમધાર નામની જગ્યા ઉપર એક હોટલ છે. ત્યાં જવા નિકળ્યા. રસ્તો ખૂબ ચડાણવાળો અને કપરો નીકળ્યો. બે બાજુ ઉંચા પહાડો. વચમાં ઉંડી ખીણમાં અલકનંદા અને કિનારે કિનારે સડક. ચાલવામા વાર ઘણી લાગી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આઠેક વાગે હોટલ પાસે પહોંચ્યા. એક પાકા બાંધેલા રૂમમાં સાધ્વીજી સમાઈ ગયાં. બહાર ઘાસની ચારે બાજુ ખુલ્લી ઝુપડીમાં અમે મુકામ કર્યો. નીચે પથરા અને કાંકરા. હોટલવાળાએ લોકોને ચા-પાણી કરાવવાની ત્રણ પાટો આપી. એના ઉપર અમે ત્રણ સાધુઓએ મુકામ કર્યો. બાકી નીચે કાંકરામાં થર્માકોલ પાથરીને તેના ઉપર ગોઠવાઈ ગયા અને સુઈ ગયા. ખીણના કીનારા ઉપર જ ઝુપડી હતી. રાત્રે એક વાગે ઓચિંતો વરસાદ શરૂ થયો. ખુલ્લામાં જે સુતા હતા તે બધાં પણ ઝુંપડીમાં ભરાયા. ઝુંપડી ચારે બાજુ ખુલ્લી હોવાથી વાછટ આવવા લાગે અને ઉપર ઘાસના છાપરામાંથી પાણી પડવા લાગ્યું. ગમે તેમ કરીને અમે બધાએ રાત પસાર કરી. બરાબર કપરો અનુભવ થયો.

અહીં ઋતુ પરિવર્તનશીલ છે. બપોરે ભયંકર ઉનાળો હોય, સાંજે કે રાત્રે ચમાસું બેસી જાય.

સાધ્વીજીનું મકાન બિલકુલ સલામત હતું. હવે રસ્તો સામાન્ય રીતે ચડાણવાળો ક્યાંક ઉતરાણવાળો અને સામાન્ય રીતે સાંકડો થઈ ગયો છે. મોટરો ખૂબ આવે છે. સલામતી માટે ઠામ-ઠામ જુદાં જુદાં અંગ્રેજી અને હિંદીમાં બોર્ડો રસ્તા ઉપર લગાવેલાં છે.

## પત્ર-૧૦

**ખાંકરા (જિલ્લા-રૂદ્રપ્રયાગ) જેઠ વદી-૧**

વંદના. હોટલના છાપરાથી નીકળી પાંચેક કીલોમીટર દૂર કલિયાસોડ આવ્યા ત્યાં નદીના કિનારે કાલીમાતાનું તથા ભૈરવનાથનું પ્રાચીન મંદિર છે. સડકના કિનારે નાળિયેર, કંકુ, ચુંદડી વગેરે પૂજાપાની ઘણી દુકાનો લાગેલી છે. ભક્તો સડકથી નીચે ઉતરીને માતાજીના મંદિરમાં જઈને પૂજાપા ચડાવતા હોય છે. પહેલાં તો અહીં માતાજીની માનતા નિમિત્તે હિંસા થતી હતી. હવે બંધ થઈ ગઈ છે, એમ ત્યાં પૂજા પાઠ આદિ કરતાં પંડિતજીએ કહ્યું. આ પંડિતજી બહુ ભાવિક છે. અમારી સાથે એ સાતેક કીલોમીટર ચાલીને ઠેઠ ખાંકરા સુધી લગભગ આવ્યાં. ખાંકરામાં સડકથી નીચે ઊતરીને સ્કુલનું મકાન છે. એમાં અમે મુકામ કર્યો.

કલિયાસોડ અમે રોકાયા નહોતા, પણ કોઈએ રોકાવું હોય તો પી. ડબલ્યું. ડી. ના મકાનમાં એ લોકો સ્થાન આપવા તૈયાર હતા.

ખાંકરાથી સાંજે નીકળીને પાંચ કીલોમીટર દૂર નરકોટા થઈને નરકોટાથી બે કીલોમીટર દૂર એક હોટલ પાસે ખુલ્લી જગ્યા છે જ્યાં તંબુમાં મુકામ કર્યો. ત્યાં રાત રહ્યા. બહુ અનુકૂળતા રહી.

આ આખા રસ્તે સડક ઉપર ગામો ભાગ્યે જ આવે છે. ગામો વચમાં વચમાં આવે છે, પણ સડકથી થોડાં દૂર હોય છે. વળી ખૂબ ખૂબ નીચાણમાં હોય છે. વળી એમા સ્કુલ પણ કોઈક નીચી જગ્યાએ કે ઊંચા ટેકરા ઉપર હોય. એટલે આપણને ત્યાં જવું ફાવે નહિ. એટલે સડક ઉપર જ કોઈક ખૂણે-ખાંચરે જ્યાં જગ્યા મળી ત્યાં હોટલો હોય છે. કોઈક સારી હોય તો કોઈકમાં માત્ર છાપરાં જ હોય. આ હોટલોમાં આપણને ઉતરવું જ ફાવે નહીં. હોટલો યાત્રાના રસ્તા ઉપરથી રાત-દિવસ ચાલ્યા જ કરતી હોય. પાસે એકાદ-બે રૂમ હોય તો પણ ભાડું ખૂબ જ માંગે. એટલે આવા સ્થળો એ જગ્યા શોધી કાઢી તંબુ નાંખવામાં આવે એ વધારે અનુકૂળ રહે છે. ખુલ્લી જગ્યાવાળાને થોડા પૈસા આપો તો યે રાજી થઈ જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વસ્તુનો સંગ્રહ

એક શ્રીમંતે પોતાના ઘરની બાજુમાં ખાડો ખોદીને તેમાં સોનાની ઈંટો છુપાવી દીધી....રોજ રાતના એ ખાડો ખોદે....સોનાની ઈંટો ગણી લે....પછી ખાડો પૂરીને સૂઈ જાય....એકવાર તેના પાડોશીને આ બાબતની ખબર પડી ગઈ....તેણે સોનાની ઈંટો લઈને ત્યાં માટીની ઈંટો ગોઠવી દીધી....

શ્રીમંતને આ બાબતની જાણ થતાં તે રોવા જ લાગ્યો.... 'હાય! હાય! હું તો લૂંટાઈ જ ગયો....' શેઠની આ સ્થિતિ જોઈ પેલા પાડોશીએ તેમને કહ્યું 'તમારે સોનાની ઈંટોનો ઉપયોગ તો કરવો જ નહોતો....માત્ર તેને ગણવી જ હતી અને તેના દર્શન જ કરવાં હતા....તો પછી એ ઈંટો સોનાની હોય કે માટીની! શું ફેર પડે છે?'

વસ્તુની કિંમત એના ઉપયોગમાં છે, સંગ્રહમાં નહિ....આવું જાણવા છતાં મોટા ભાગના જીવો વસ્તુને સંઘરવા પાછળ પોતાની જિંદગીની અમૂલ્ય ક્ષણો વેડફી રહ્યા છે....કોણ તેઓને સમજાવે કે 'સંગ્રહવૃત્તિ પાછળ ઊભા થતાં મૂર્ચ્છાના સંસ્કારો તમને મૂર્ચ્છિત ભવોમાં ફેંકી દેશે!' સાવધાન ! અનાદિથી પાછળ પડેલા આ મૂર્ચ્છાના કુસંસ્કારોનું જોર ઘટાડીને જ રહીએ.

---

With Best Compliments from :

**AKRUTI**

**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમદ્ રાજચંદ્રજીએ નીચનાં દશ વચનો ખંભાતના મુમુક્ષુ શ્રી આંબાલાલભાઈને આપવા માટે, શ્રી ત્રિભોવનભાઈ માણેકચંદને આપતી વખતે જણાવેલ કે, અમારે હજારો વર્ષનો અભ્યાસ છે. આ દશ વચનો એવાં છે કે હજાર પાના ભરાય તેટલાં રહસ્ય વાળા છે.

*મુંબઈ, ફાગણ સુદી ૬, ૧૯૪૬.*

## મહાવીરના બોધને પાત્ર કોણ?

૧. સત્પુરુષનાં ચરણનો ઈચ્છક,
૨. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી,
૩. ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર,
૪. બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન,
૫. જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર,
૬. ઉપયોગથી એક પળ પણ ભરનાર,
૭. એકાંતવાસને વખાણનાર,
૮. તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી,
૯. આહાર, વિહાર, નિહારનો નિયમી,
૧૦. પોતાની ગુરુતા દબાવનાર,

એવો કોઈ પણ પુરુષ તે મહાવીરના બોધને પાત્ર છે, સમ્યક્‌દશાને પાત્ર છે. પહેલા જેવું એક્કે નથી.

*—શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી.*




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મ

(જૈન દૃષ્ટિ પ્રમાણે) *સંકલન : જશુ કપાશી*

વિશ્વમાં જે કંઈ બનાવ બને છે તે બધામાં કારણ કોણ છે? ઈશ્વર? ના, ઈશ્વરે તો આ જગત જેવું છે તે બતાવ્યું છે. જગતનું સંચાલન પણ કર્મ કરે છે.

કર્મ જડ છે, ચેતન નથી. જ્યાં સુધી જડ કર્મ આત્માને ચોટ્યું હોતું નથી ત્યાં સુધી તે કાર્મણ રજકણ તરીકે ઓળખાય છે. જ્યારે તે કાર્મણ રજકણ આત્માને ચોંટે છે, ત્યારે તે કર્મ તરીકે ઓળખાય છે. કર્મ આત્માને સુખી–દુઃખી, બળવાન–નિર્બળ બનાવવાનું કાર્ય કરે છે.

આત્મા મૂળ સ્વરૂપે શુદ્ધ છે. પરંતુ કર્મો ચોટ્યાં હોવાથી તેનું સ્વરૂપ બદલાય છે. આવા અશુદ્ધ આત્માને જીવ કહેવાય છે. વિશ્વનું સર્વશ્રેષ્ઠ સ્થાન મોક્ષ છે. જન્મ–મરણ, તો જીવ–આત્માના બંધનો છે.

**કર્માણુ દૂર કરવા,**

૧. નવી કાર્મણ રજકણ અટકાવી.

૨. આત્મા ઉપર ચોંટેલ રજકણ નાશ કરવી જોઈએ.

**કારણો :** કર્મો બાંધવાના આંતરીક કારણો ચાર છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ નામના ચાર બાકોરા વડે આત્મામાં કાર્મણ રજકણ પ્રવેશે છે, જેમાંથી કર્મ થાય છે.

**કર્મના પ્રકાર :** કાર્મણ રજકણ આત્માને ચોંટે ત્યારે તે કર્મ બનતુ હોવાથી કાર્મણ રજકણ ચોંટવાની ક્રિયાને—કર્મનો બંધ થયો કહેવાય છે. આ કર્મ બંધ થાય છે ત્યારે જે કારણ હોય તેને અનુરૂપ તે કર્મમાં સ્વભાવ નક્કી થાય છે.


કર્મનો પ્રકૃતિ બંધ એટલે કર્મમાં સ્વભાવનું નક્કી થવું. કર્મ બંધ થતાં આઠ પ્રકારના સ્વભાવ નક્કી થાય છે.

૧. જ્ઞાનાવરણીય કર્મ
૨. દર્શનાવરણીય કર્મ
૩. વેદનીય કર્મ
૪. મોહનીય કર્મ
૫. આયુ કર્મ
૬. નામ કર્મ
૭. ગોત્ર કર્મ
૮. અંતરાય કર્મ

A L A N K A R

PHONE : (O) 517756; 556116

ALL KINDS OF
EXCLUSIVE FURNITURE



We Support your Back-Bone

ALANKAR FURNITURE

VORA BAZAR, NR. NAGAR POLE, BHAVNAGAR

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાળ : આત્મા પર જ્યારે કાર્મિક રજકણ ચોંટે છે ત્યારે જેમ સ્વભાવ નક્કી થાય તેમ તેમનો કાળ પણ નિર્મિત થાય છે. એટલે કે આ રજકણ કેટલો સમય સુધી આત્માની સાથે ચોંટી ને રહેશે?

આત્મા પરની રજકણો ક્યારેક છૂટી પડે છે અને ક્યારેક નવી રજકણ ચોંટે છે. સંસારમાં આ ક્રિયા ચાલુ જ રહે છે. આપણા આત્માને જ્યારે જ્યારે કર્મણ રજકણ ચોંટે છે ત્યારે ત્યારે તરત જ પોતાનો સ્વભાવ બતાવતી નથી. એટલે કે થોડોક સમય તે રજકણ સ્વભાવ બતાવ્યા વિના શાન્ત રહે છે, પછી પરચો બતાવે છે. આ સમયને શાન્તિ કાળ કહેવાય છે, શાન્તિ કાળ પૂર્ણ થયા બાદ, અમુક સમય સુધી પોતાનો પરચો બતાવશે. આ સમયને વિપાક કાળ કહેવાય છે. અગર તો કર્મનો ઉદય થયો તેમ કહેવાય છે. શાન્તિ કાળમાં કર્મના સ્વભાવ, સ્થિતિ વગેરેમાં ફેરફાર થઈ શકે છે. પુરુષાર્થ વડે આ સ્વભાવમાં ફેરફાર થઈ શકે છે.

કરણ : દુઃખ આપવાના સ્વભાવવાળી રજકણ સુખ આપવાના સ્વભાવમાં ફરી શકે છે. કાળ પણ ઓછો વધુ થઈ શકે છે. આ કર્મરૂપી ટાઈમ બોમ્બ ફૂટતો નથી, ત્યાં સુધી તેનો સ્વભાવ, સ્થિતિનો નિર્ણય અને તેનું બળ એ ત્રણેમાં ફેરફાર થઈ શકે છે.

આત્મા ઉપર કર્મો ચોંટવા, તેમાં ફેરફાર થવો વગેરેના કારણ જે ભાવ છે—તેને કરણ કહેવાય છે. કર્મ બંધાય ત્યારથી કર્મ ઉદયમાં આવે ત્યાં સુધી ૮ કરણ ભાવ ભજવે છે.

આત્મા પર કાર્મિક રજકણ ચોંટે છે તેને કર્મ કહેવાય છે. આત્મા ઉપર કર્માણુઓ જુદી જુદી ચાર રીતે ચોંટી શકે છે. પ્રથમ ૩ રીતથી ચોંટેલ કર્મમાં શાન્તિ કાળમાં ફેરફાર થઈ શકે છે. ચોથી રીતે ચોંટેલા કર્મમાં શાન્તિ કાળ દરમ્યાન કોઈ ફેરફાર થઈ શક્તો નથી.

૧. સ્પૃષ્ટ બંધ ૨. બદ્ધ બંધ ૩. નિદ્યત બંધ

૪. નિકાચિત બંધ જે કર્મો આત્માની સાથે એકરસ થઈ ચોંટેલા હોય તેમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી.

જૈન શાસનનો કર્મવાદ :—સારા કર્માણુઓના શાન્તિ કાળમાં થતી આત્માની એકાદ ભૂલ, જીવનની ધરખમ કમાણીને ધૂળમાં મેળવી દે છે. ખરાબ કર્માણુઓના શાન્તિ કાળમાં કરેલું એકાદ સુંદર કાર્ય પણ ભવિષ્યમાં આવનારી આપત્તિ ખતમ કરી શકે છે. તેથી જૈન શાસન કહે છે.

૧. સર્વ જીવો સુખી થાય તેવી ભાવના ભાવો. જૈન શાસન મુજબ શાન્તિ કાળમાં કર્માણુઓમાં ફેરફાર શક્ય છે. પુરુષાર્થ શરૂ કરો. અને પાપનો નાશ કરો. *

આણા તથા વૈણાની એક્સક્લુઝીવ સાડીઓ
માટે વિશ્વાસપાત્ર સ્થળ એટલે જ



Bela
Exclusive Sari Show-Room

Haveli Street, Vora Bazar, Bhavnagar-364001
Phone : (O) 420264 (R) 426294

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવાન મહાવીરની મૂલ્યપરસ્તી પાછી લાવીશું ખરા?

લેખક : કુમારપાળ દેસાઈ

સંસારને પ્રકાશ આપવા કાજે સંસારત્યાગ કરનારી વિભૂતિઓનાં ચરિત્રો મળે છે. ક્યાંક એ સંસારત્યાગની પાછળ જીવનના અનુભવોની કટુતા હોય છે. તો ક્યાંક એની પાછળ સંસારના ભય, મૃત્યુ કે ઘડપણ કારણભૂત હોય છે. ક્યાંક પરલોકના દુઃખનો ડર હોય છે, તો ક્યાંક આ લોકની દરિદ્રતા કારણભૂત હોય છે.

આ સંદર્ભમાં ભગવાન મહાવીરનો સંસાર ત્યાગ એક વિરલ ત્યાગ ગણાય. એમનું ગૃહજીવન આનંદ, ઉલ્લાસ અને અધ્યાત્મની ભાવનાથી સભર હતું. એ સમયે રાજકુમારો વચ્ચે વેરઝેર ફેલાયેલા હતા, ત્યારે રાજકુમાર નંદીવર્ધન અને નાના ભાઈ વર્ધમાન વચ્ચે અગાધ સ્નેહ હતો.

વિશ્વવત્સલ વર્ધમાનના કુટુંબમાં વાત્સલ્યનો મહાસાગર લહેરાતો હતો. સાયંકાળે રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાની હાજરીમાં પરિવારસભા યોજાતી હતી. નંદીવર્ધન અને એમના પત્ની જયેષ્ઠા, રાજકુમાર વર્ધમાન અને એમના પત્ની યશોદા રોજ સમી સાંજે એકત્રિત થતા હતા. કુટુંબપ્રથા કે સંસ્કાર પરંપરા જાળવવા માટે કેવી સુંદર પદ્ધતિ એ સમયે અપનાવાતી હતી!

ધર્મગ્રંથો નોંધે છે કે સાયંકાળે શ્રી વર્ધમાન પરિવારસભામાં ધર્મનાં રહસ્યોની વાત કરતા હતા. પિતા, માતા, મોટાભાઈ– ભાભી અને પત્ની રાજકુમાર વર્ધમાનની એ વાતો સાંભળતા હતા. ક્યારેક વર્ધમાન કહેતા,

''જીવ તો સહુનો સરખો, આપણને જીવવું ગમે એ જ રીતે સહુને જીવવું ગમે! અરે! પશુ અને માનવી, આ વૃક્ષ અને કીડી, આ સહુને જીવ વ્હાલો હોય. એમનું સુખ તે આપણું સુખ.''

વળી રાજકુમાર વર્ધમાન કહે કે આપણું સુખ એવું ન હોવું જોઈએ કે બીજાને દુઃખ આપે. ક્યારેક રાજકુમાર વર્ધમાન ક્ષત્રિયોના શિકારશોખ વિશે કહેતા કે આ જગતમાં સહુ પોતપોતાની રીતે જીવન જીવી રહ્યા છે. એક જીવ બીજા જીવ સાથે અનુકૂળ બનીને જીવે, તે જગતનો સાચો ક્રમ છે. આવી આનંદથી છલકાતી સુખી સૃષ્ટિમાં બાણ છોડીને નિર્દોષ જીવની હત્યા કેમ થાય?

રાજકુમાર વર્ધમાનના આ વિચારો સાંભળી પિતા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાને અપાર આનંદ થતો. તેઓ પાર્શ્વ પ્રભુના ધર્મનું પાલન કરતા હતા. ભગવાન પાર્શ્વનાથે જીવ હિંસાનો પ્રબળ વિરોધ કરીને અહિંસાનું સ્થાપન કર્યું હતું. યજ્ઞમાં વપરાતા કાષ્ઠમાંથી સર્પ જીવતો કાઢીને એમણે હિંસાથી અગળા રહેવાની હિમાયત કરી હતી.

રાજકુમાર વર્ધમાન એ જ રીતે આ ઘરશાળામાં પોતાનો વિચાર મૂકતા કહેતા કે, ''જે કોઈને જીવન આપી ન શકે એ કોઈનું

For Private And Personal Use Only

જીવન લઈ પણ ન શકે. હાથીને મારવામાં બહાદૂરી નથી. એક કીડીને જીવતદાન આપવામાં શાબાશી છે.'


રોજ સંધ્યાકાળે રાજા સિદ્ધાર્થના મહેલમાં જીવન વિવેક અને ધર્મરહસ્યોની ચર્ચા થતી. એ પછી ભાવાવાહી ભક્તિ સંગીત ગૂંજી ઊઠતું. આખું કુટુંબ સાથે મળીને આ ભાવનાઓ માણતું હતું.

આજે સવાલ એ છે કે ભગવાન મહાવીરના ૨૬૦૦માં જન્મકલ્યાણકનો દિવસ સાવ સમીપ આવ્યો છે ત્યારે ધર્મરહસ્યોની ચર્ચા કરતી ઘરશાળા કે ભક્તિસંગીતથી ગૂંજતા કુટુંબો રહ્યા છે ખરાં? વિચાર અને સંસ્કારની એ સરવાણી આજે એટલી બધી સૂકાઈ ગઈ છે કે વ્યક્તિ માત્ર મહાવીરનો અનુયાયી હોવાનું ગૌરવ રાખે છે, પણ મહાવીરના માર્ગે જીવવાનો કશો પ્રયત્ન કરતી નથી. જૈન સમાજમાં થયેલું મૂલ્યોનાં અધ:પતનનું મુખ્ય કારણ એ છે કે એ પ્રાચીન સંસ્કાર-ભક્તિ આપતી ઘરશાળાઓ ઘરમાંથી વિદાય પામી છે. ભગવાન મહાવીર સ્વામીના ૨૬૦૦મા જન્મકલ્યાણક પ્રસંગે એ મૂલ્ય પરસ્તી પાછી લાવીશું ખરા!

*(તા. ૨૮-૩-૨૦૦૧ના ગુજરાત સમાચારના ઝાકળ બન્યું મોતી વિભાગમાંથી સાભાર)*

*રજૂઆત : મૂકેશ સરવૈયા.*

CELSUVIDHA
Pre-paid Mobile Phone Card
Anytime - Anywhere - Anybody



રી-ચાર્જ કુપન ખરીદો,
મોબાઈલ ફોન કવર/એસેસરીઝ
મેળવવા માટે
....ઓથો. ડીસ્ટ્રીબ્યુટર....
અમુલખ વિઠ્ઠલદાસ
૧૫,માધવહીલ, ભાવનગર. ફોન:૪૩૯૨૯૯
વોરાબજાર, ભાવનગર. ફોન: ૫૧૯૪૦૬

With Best Compliments From :

**SHAH Electricals**

**AUTHORISED DISTRIBUTORS**

| | | |
|---|---|---|
| **VINAY** | **REFLEX** | **METRO POWER** |
| ELECTRICAL GOODS | Wire & Cable | Minolta Fittings |
| **COZY** | **JENI** | **CROWN** |
| Unbreakable Accessories | Chowk - Patti | Water Pumpset |
| **SURYA** | **SUPER-WIZ** | **JUG-MUG** |
| Lamps-Tubes | Universal Instant Adhesive | Lamps-(Fancy) |
| **SONAL** | **CUTE** | **ENCORE** |
| Bopp Adhesive Tapes | Modular Range | Mixer-Grinder |
| **BAJAJ** | **MYSORE** | **CORD LESS** |
| Instant Geyser | Lamps - Tubes & Luminaires | **BELL PHONES** |

Mota Faliya, Nanbha Street, BHAVNAGAR-1 ✆ : O. 421705, R. 510921 FAX : 421250


**દવા લીધા વિના ટોનીક લેવા જનારો દર્દી, જેમ દર્દને**
**રવાના કરવામાં સફળતા પામતો નથી.**
**તેમ**
**જીવમાત્ર પ્રત્યે પ્રેમ કેળવ્યા વિના પરમાત્માની ભક્તિ**
**શરૂ કરી દેનારો સાધક, દોષનાશ કરવામાં સફળતા પામતો નથી.**


With Best Compliments From :

*Unique Agencies*

**PHARMACEUTICAL DISTRIBUTORS**

J.A.S. BUILDING, KHARGATE, BHAVNAGAR-364001 (GUJARAT)

PH. (0278) O. 432118, 430443 R. 436708, 422983

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આણું કરવા ગયો ને વહુ ભૂલી આવ્યો....

લેખક : આ.શ્રી વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.

મા–બાપને રોવડાવીને, પૈસા ખર્ચીને, તંદુરસ્તીને ગૌણ કરીને, અનેક આશાઓ આપીને. જાતજાતના અરમાનો લઈને અમેરિકા ભણવા ગયેલો યુવક, ત્યાંના મોહક વાતાવરણમાં જો મૂંઝાઈ જાય, અનેકવિધ અનુકૂળતાઓમાં એ જો લેવાઈ જાય, જાતજાતનાં આકર્ષણોમાં એ જો અંજાઈ જાય, પાસે રહેલ સંપત્તિનો એ જો મોજશોખમાં ઉપયોગ કરવા લાગે તો એનું અમેરિકા આવવાનું વ્યર્થ જ જાય.....

આવું જ કંઈક બની ગયું છે આપણા ખુદના જીવનમાં! બનવાનું હતું આપણે સજ્જન અને બની ગયા છીએ આપણે શ્રીમંત! જમાવવાની હતી આપણે મૈત્રી અને જમાવી બેઠા છીએ આપણે બરાબર પેઢી! મહેનત કરવાની હતી આપણે મન--દુરસ્તી પાછળ અને મહેનત કરી રહ્યા છીએ આપણે તન--દુરસ્તી પાછળ! તૈયારી કરવાની હતી આપણે મુક્તિ પામવાની અને અત્યારે તૈયારી ચાલે છે આપણી મરણ પામવાની!

મુખ્ય ચીજ ગૌણ બની ગઈ છે અને ગૌણ ચીજો મુખ્ય બની ગઈ છે....સાધ્યનું સ્થાન સાધને લીધું છે અને સાધન સાધ્યકક્ષામાં ગોઠવાઈ ગયું છે.....પરમાત્મા ભૂલાઈ ગયા છે અને પૈસા મગજમાં ગોઠવાઈ ગયા છે.

આ કરુણતા સર્જાઈ છે એના મૂલમાં એક પરિબળે બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે....અને એ પરિબળ છે પુણ્યનો જોરદાર ઉદય!

બોલેલું સ્વીકારાઈ જાય છે....ખાધેલું પચી જાય છે....રોકાણ કરતાં વધારે વળતર મળે છે....બસ, પ્રલોભનોની આ આકર્ષણ વણઝારે જ આપણને મૂળ ઉદ્દેશથી દૂર કરી દીધા છે...

પૈસાની ઉઘરાણીએ ગયેલા આડતીયાને શેઠ ગરમાગરમ મગની દાળનો શીરો ખવડાવી દે અને એના સ્વાદમાં પેલો આડતીયો પૈસા માંગવાનું જ ભૂલી જાય એવું જ આપણી બાબતમાં બન્યું છે....અનેક વિધ અનુકૂળતાઓ આપીને કર્મસત્તાએ આપણને આપણું લક્ષ્ય ભૂલાવી દીધું છે.

પરંતુ,

જાગ્યા ત્યારથી સવાર એ ન્યાયે હવે સાવધ બની જવાની જરૂર છે. અનંતકાળે તો આ મનુષ્યભવ મળ્યો છે...સંસારના અન્ય ભવોમાં જે કર્યું છે એ કરવા માટેનો આ ભવ નથી જ નથી.... એ ગતિઓમાં જે ભૂલો કરી છે એનું પુનરાવર્તન કરવા માટેનો આ ભવ નથી જ નથી.

સંજ્ઞાઓને આધીન બનીને જિંદગીના શ્વાસોશ્વાસ પૂરાં કરતાં ઢોરોનું જગત નજર સામે જ છે ને? મળેલા ઈષ્ટ વિષયો પ્રત્યે ગાઢ મૂર્ચ્છા દાખવીને પુણ્યની બરબાદી નોતરતા દેવતાઓની સંખ્યા નાની સૂની નથી.... જે સામે આવે તેને ખતમ કરી નાખવાની ક્રૂર લેશ્યામાં નારકના જીવો-પ્રતિપળ રમી જ રહ્યા છે.... ખાવું, પીવું, કરડવું વગેરે પ્રવૃત્તિઓમાં કીડા, મચ્છર, માંકડ હોંશિયાર છે જ. એ જ પ્રવૃત્તિઓ આવા ઉત્તમ જનમમાં ય કરવાની હોય તો આપણી દશા ભારે દયનીય છે.

નક્કી કરો,

જે ચીજો ત્રણ ગતિમાં મળી શકે, જે પ્રવૃત્તિઓ ત્રણ ગતિમાં થઈ શકે એ જ ચીજો મેળવવા માટે અને એ જ પ્રવૃત્તિઓ કરવા માટે મહામૂલા આ જીવનની કિંમતી પળો વેડફવી નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ. જે ચીજ ત્રણ ગતિમાં મળતી નથી, જે પ્રવૃત્તિ ત્રણ ગતિમાં થઈ શકતી નથી, એ જ ચીજ મેળવવા માટે અને એ જ પ્રવૃત્તિ કરવા માટે આ જીવનની કિંમતી પળોનો સદુપયોગ કરવો છે....

એ ચીજ છે આત્મસ્વરૂપ અને એને પ્રાપ્ત કરાવનારી પ્રવૃત્તિ છે નિષ્પાપજીવન! સદાચાર, નમ્રતા, પરોપકારાદિ ગુણોનું સ્વામિત્વ! જો એમાં આપણે સફળ બન્યા તો કર્મસત્તાની સામે માથું ઊંચુ રાખીને ઊભા રહી શકશું....કહી શકશું એને આપણે કે અમે આણાંની ચિંતા કરી નથી પણ વહુને જ લઈ આવ્યા છીએ.... પુણ્યની અમે પરવા કરી નથી પણ શિવસુંદરી સાથેનો સોદો તો અમે પાકો કરી જ લીધો છે.

અલબત્ત, પડકારની આ ભાષા ધારીએ એટલી સહેલી નથી, કઠિન છે....કાદવવાળા રસ્તે પડ્યા વિના ચાલી જવું સહેલું છે પણ પ્રલોભનવાળા રસ્તે અડીખમ ઊભા રહેવું મુશ્કેલ છે...અચ્છા અચ્છા સાધકોને કર્મસત્તાએ પ્રલોભનોના ચકરાવામાં ભૂલા પાડી દીધા છે..... સારું આપીને કર્મસત્તાએ તેઓને સારા બનતા અટકાવી દીધાં છે....

છતાં ય હું કહું છું, આપણે હતાશ થવાની જરૂર નથી....કારણ કે આજ સુધીમાં એવા અનંતા આત્માઓ થઈ ગયા છે કે જેઓએ કર્મસત્તા દ્વારા નંખાયેલા રોટલાના ટુકડા જેવા પ્રલોભનોની સામે નજર સુદ્ધાં નાખી નથી.... અને પરાક્રમ દાખવીને પોતાના આત્માને કર્મમુક્ત--પાપ-મુક્ત બનાવી દીધો છે....આવો, આપણેય એ જ પરાક્રમ દાખવીએ...આણું (પુણ્ય) નહીં પણ વહુ (શિવ-સુંદરી) ને જ લઈ આવીએ, હાસ્યાસ્પદ નહીં બનીએ.

(નોંધ : કહેવાતોનો સમજવા જેવો મર્મ પુસ્તકમાંથી સાભાર)

રજૂઆત : મુકેશ સરવૈયા.


# ભાવનગર મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લિ.

भावनगर मर्कन्टाइल को-ओपरेटीव बेन्क लि. Bhavnagar Mercantile Co-Operative Bank Ltd.

❑ **હેડ ઓફિસ** : લોખંડ બજાર, ભાવનગર ફોન : ૪૨૪૧૮૧, ૪૨૯૧૮૯

**બ્રાન્ચ** : ❖ માર્કેટીંગ યાર્ડ, ભાવનગર ફોન : ૪૪૫૦૦૮, ૪૪૬૨૬૧

❖ માધવદર્શન, ભાવનગર ફોન : ૪૨૦૭૯૯, ૪૨૬૪૨૧

**થાપણના વ્યાજનાં દરો** **(તા. ૧-૩-૨૦૦૧ થી અમલમાં)**

| | |
|---|---|
| ❖ સેવિંગ્ઝ | ૪.૫ % |
| ❖ ફિક્સ ડીપોઝીટ : | |
| ૩૦ દિવસથી ૧ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૫.૫ % |
| ૧ વર્ષથી ૨ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૮ % |
| ૨ વર્ષથી ૩ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૮.૫ % |
| ૩ વર્ષથી ૫ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૧૦ % |
| ૫ વર્ષ અને ઉપરાંતના સમય માટે | ૧૦.૫ % |

**: વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ સંપર્ક સાધો :**

**શ્રી કનૈયાલાલ વૃજલાલ પંડયા** (ચેરમેન)
**શ્રી વલ્લભભાઈ ભાઈલાલભાઈ પટેલ** (વા. ચેરમેન)
**શ્રી ઇન્દુકુમાર ઉકાભાઈ પટેલ** (મેનેજિંગ ડીરેકટર)
**શ્રી પુરુષોત્તમદાસ વૃજલાલ શાહ** (જો. મે. ડીરેકટર)
**શ્રી એમ. સી. પાઠક** (આસી. મેનેજર)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આ હૈયાની આગ ઓકતો લેખ આપણને દઝાડે તો ય ઘણું આપણામાંથી કોક તો જાગે !

***લેખક : રાયચંદ મગનલાલ તા. ૨૦-૧૦-૨૦૦૦***

હિન્દુસ્તાન આર્યપ્રજાનું ધર્મસ્થાન–દેશ હતો. બે પાંચ હજાર વર્ષના ઇતિહાસ તપાસતા માલૂમ પડે છે કે હિન્દુસ્તાને અન્ય કોઈ પણ દેશ ઉપર લડાઈ કરી નથી. અંદર અંદર કેટલાક યુદ્ધો થયા હતા. તેમાં ધર્મયુદ્ધ હતા.

પૃથ્વીરાજ ચૌહાણનું વેર લેવા (સંયુક્તાના હરણ બાબત) વિરોધી હિન્દુ રાજાએ યવનોને–મુસ્લિમોને પોતાની મદદે બોલાવી અધર્મના માર્ગે વેર લીધું. શાહબુદ્દિન ઘોરી ૧૭-૧૭ વખત પકડાયો પણ વધુ પડતી દયાની મૂર્ખાઈમાં પૃથ્વીરાજે છોડી મૂક્યો. અને અઢારમી વાર પૃથ્વીરાજ શાહબુદ્દીન ઘોરીના હાથે પકડાયો એના ઉપર ભયંકર નિર્દયતા વાપરી મારી નાખ્યો. નિરપરાધી અને પારધીનો ભેદ સમજ્યાં નહિ તેનું પરિણામ અને પરદેશી મુસ્લિમો આ દેશમાં ઘૂસી ગયા. સંખ્યાબંધ હિન્દુઓને મુસ્લિમ બનાવ્યા. ત્યારથી આ દેશની સંસ્કૃતિ–ધર્મની–સુખ શાંતિની ભયંકર ઘોર ખોદાઈ ગઈ છે.

ત્યાર પછી આ દેશમાં અંગ્રેજો ઘૂસી ગયાં. અંગ્રેજો યુક્તિબાજ પોલીટીકલ પ્રજા હતી. તેણે આ દેશ પચાવી પાડવા વ્યવસ્થિત કાવત્રાં કર્યાં અને દેશને ગુલામ દશામાં પોણાબસો વરસ સુધી રાખ્યો. છેવટે મહાત્મા ગાંધીજી પાક્યા. જેણે રાજકીય ક્ષેત્રે અહિંસા અને સત્યના સિદ્ધાંત ઉપર લડતો ચલાવી. ઇતિહાસમાં નવું જ પ્રકરણ ઊભું કર્યું. સ્વરાજ અંગ્રેજોએ આપવું પડ્યું. જેમ પૃથ્વીરાજ દયાની વધુ પડતી મૂર્ખાઈથી મરી ગયો પણ સમસ્ત દેશને–પ્રજાને એક જ વ્યક્તિના જવાને કારણે દુઃખના દરિયામાં ડૂબવું પડ્યું. યવનનો ભયંકર ત્રાસમાં ફસાવવું પડ્યું. ત્યારથી આખો દેશ પાપીઓના હાથમાં ગયો. પ્રજા પીડાઈ પીડાઈને પરાધીન બની ગઈ.

એવી જ રીતે હિન્દુસ્તાનના ભાગલા કરતી વેળા મહાત્મા ગાંધી તથા જવાહરલાલ નહેરુના વધુ પડતા મુસ્લિમો ઉપરના મોહ–રાગને લીધે બાવન બાવન વરસ થવા છતાં હિન્દુ પ્રજાને સુખ–શાંતિનો છાંટો પણ જોવા મળ્યો નહીં. જગતમાં હિંન્દુઓનો અન્ય કોઈ દેશ નથી.

આવી ભૂલોના પરિણામમાંથી હવે કઈ રીતે ઊગરવું–બચવું અને જેણે છેતર્યા તેને પણ છેતરીને મારીને પુનઃ મૂળ સ્થિતિ કઈ રીતે લાવી શકીએ તે કોઈ બુદ્ધિશાળી–શક્તિશાળી પુણ્યવંત આત્મા પ્રગટ થાય. એની જરૂર છે. એમાં શામ-દામ-દંડ ભેદ એ ચાર યુક્તિઓની જરૂર છે. અપરાધી ઉપર દયા કે ભોળપણની મૂર્ખાઈ ન ચાલે !

આટલી પ્રસ્તાવના કર્યા પછી વધુમાં કહેવાનું કે મેકોલે જેવા એક કેળવણીકારે યુક્તિ ગોતી કાઢી આખી દુનિયાને અંગ્રેજી ભાષા, એનાથી ગુલામ બનાવી શક્યો. અને ૧૪૯૬માં એક પાદરી એક યોજના મૂકી ગયો જેના ઉપર આખી દુનિયાને ગોરી પ્રજા નચાવી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એનું ખંડન કરવાની કોઈ યુક્તિ એનાથી સવાઈ યોજના આપણને શું ન જડે?

જૈનો સૌથી બુદ્ધિશાળી પ્રજા છે. દેવ ગુરુ અને ધર્મની શ્રદ્ધાવાળા છે. પુણ્યશાળી છે. ત્યાગી આધ્યાત્મિક ગુરુઓ છે. અનાદિકાળથી ફસાયેલા આત્માને મુક્ત કરી શકે તો આદિ કાળમાં ફસાયેલા કરોડો આત્માઓને માણસોને માનવ-ભવ પામેલાને દુષ્ટોના હાથમાંથી ઉગારવા શું કાંઈ ઉપાય ન જડે? મને વિશ્વાસ છે કે કોઈ મહાન આત્મા આ દેશમાં પાકે!

હવે મૂળ વાત ઉપર આવીએ. માંસની નિકાસ પારાવાર થાય છે. એને રોકવા શું કરવું? માંસની સાથે પશુઓના શરીરની બીજી ઘણી વસ્તુ જેમકે લોહી–હાડકાં–ચામડાં–આંતરડાં–ઇત્યાદિ વસ્તુની નિકાસ મારા માનવા મુજબ માંસ જેટલી જ કિંમતની થતી હશે. અને આ બધી વસ્તુની ગણતરી કરીને જ કતલખાના ચાલે છે.

સરકારની દૃષ્ટિ માત્ર ધન કેમ મળે એટલી જ હોય છે. પંચવર્ષિય યોજના ઘડવાના ઘડવૈયા તથા નાણામંત્રી તથા આયાત નિકાસના પ્રધાન તદુપરાંત મ્યુનિસીપાલિટીના કમિશ્નર–કોર્પોરેટરોને અવળે રસ્તેથી સવળે રસ્તે કઈ રીતે લાવી શકાય? દયાના માધ્યમને ધર્મના માધ્યમને આ લોકો માનતા નથી. તેને કરુણા નથી. પશુઓ ઉપર દયા નથી. માત્ર સ્વાર્થ સ્વાર્થને સ્વાર્થ છે. અને વધુ સ્વાર્થ બતાવો એવો માર્ગ નીકળે એવી બુદ્ધિ–શક્તિવાળી કોઈ વ્યક્તિ મળે ખરી?

ચાલીશ હજાર યાંત્રિક કતલખાના આ દેશમાં ઘાલી દીધા. કરોડો ઢોરની કતલ થઈ રહી છે. એનો ધંધો કરનારા અબજોપતિ બની ગયા છે. અને એના ધંધાથી સરકાર હૂંડિયામણ મેળવે છે તેની લાલચ છે. એના નિવારણ અંગે આપણી પાસે કોઈ ઉપાય ખરો?

વિનંતી કે ધર્મની દલીલો આ પાપી લોકોને અસર કરે તેમ નથી. ભય વગર પ્રીતિ નહિ એમ કહીએ પણ આપણી પાસે એવી શક્તિ નથી તો પછી બીજો કયો ઉપાય?

હું એક નાનો માણસ છું. મારી ઉંમર અત્યારે (૯૨) વરસની છે. મારી અલ્પમતી મુજબ એકાદ બે રસ્તા બતાવું છું.

૧. આપણે સરકારને પુરવાર કરી શકીએ તેમ છીએ કે પશુઓને મારીને જે કમાણી કરી શકાય છે તે કરતા બમણી–ચાર ગણી કમાણી જીવતા પશુ રાખવાથી થઈ શકે તેમ છે. જેટલા માણસો કતલખાનાથી રોજી રોટી કમાય છે તે કરતા વધુ પશુપાલનથી મેળવી શકાય છે. પૈસાદાર પણ બને છે.

આ પુરવાર કરવા માટે મારી વાતો નહિ ચાલે. પ્રેક્ટીકલ કરી બતાવવું જોઈએ. પુરવાર કરી બતાવવું જોઈએ. આંકડાઓ સાથે. તેને માટે જૈનો અને હિંદુઓએ પાંચ દસ ઠેકાણે પાંચ દસ ગામડામાં રહીને મોટી જમીનો મેળવીને વેચાતી લેવી. અગર સરકાર પાસેથી લાભ ઉઠાવવો અને ઓછામાં ઓછા પાંચ દસ હજાર સેવાભાવી સજ્જનો આની પાછળ ભેખ લેનાર માણસો નીકળે. પશુઓને માટે સુંદર સ્વચ્છ તબેલા બંધાવે-દૂધ દહીં ઘી ઇત્યાદિનો મોટા પાયા ઉપર ધંધો ચલાવે દરેક પ્રકારના સાધનો વસાવે–ડેરીઓને હંફાવી દે, ડેરીઓને પોસાય જ નહીં એવી કિંમત ઊભી કરે. કુદરતી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરતા ઢોરના ચામડાનો ઉપયોગ કરે. અને પુરવાર કરી બતાવે કે સસ્તું—સારું ચોખ્ખું, આરોગ્યદાયક પશુજન્ય દરેક વસ્તુમાં કેટલો મોટો વધુ લાભ છે! પ્રજાને દેશને અને સરકારને ધન કમાઈ બતાવે. છાણ-મળ-મૂત્રમાંથી જે જે વસ્તુ બની શકે તેની સંશોધન દ્વારા કદાચ એને માટે લાખો રૂપિયાના ઇનામ કાઢવા પડે તો તે કાઢીને સંશોધન કરાવે અને આર્થિક રીતે એમાંથી મોટો લાભ પ્રાપ્ત થાય એવું કાર્ય કરે.

દેશના કરોડો બેકારોને આ આયોજનમાંથી ધંધો મળી રહે. એવો ઉપાય એમાંથી ઊભો કરે.

પશુઓની સાથે ખેતી તો હોવી જ જોવે. તેમાંથી વધુ ઉત્પાદન-સારું ઉત્પાદન-નવી નવી ચીજો ઉત્પન્ન કરવા બારે માસ ખેતીનો લાભ કેમ લઈ શકાય તેના ઉપાય અમલમાં મૂકે.

પશુઓની કતલ અટકાવી રક્ષણ કરવું છે. સાથે માણસનો સ્વાર્થ પણ ચાલુ રાખવો જ પડશે. પશુઓના આધારે માણસ છે અને માણસના આધારે પશુ છે.

ઈન્ડસ્ટ્રીની જેમ આ ખેતી—પશુપાલન ઉદ્યોગને ઈન્ડસ્ટ્રી યાંત્રિક કરતાં વધુ લાભદાયક બનાવી આપવાનો પુરુષાર્થ કરવો પડે. મોટા જાડો ઉગાડવા જોવે. એક ઝાડ પાંચ દશ વરસમાં મોટી આવકનું સાધન બની શકે છે. એના નિષ્ણાતોની સભાઓ વારંવાર બોલાવી નિર્ણય લેવો.

આજે ચોખ્ખા ઘીથી અસલ પદ્ધતિનું માખણમાંથી બનાવેલું ખાત્રી બંધ આપો તો લાખો રૂપિયા કમાઈ શકાય તેમ છે. અરે! દૂધમાં, દહીંમાં, ઘાસમાં કમાણીનો પાર નથી. નીતિ પ્રમાણિકતા વેપારની મક્કમતા હોવી જોઈએ. એવી પાકી વ્યવસ્થા બનાવવી જોઈએ.

બળદોનો ઉપયોગ માલ વહનમાં ઘણો લાભદાયક છે. પણ એ ઉપરાંત અન્ય કઈ કઈ શક્તિ ઉપયોગમાં આવી શકે તેનું સંશોધન કરવાની તાતી જરૂર છે. એની સાથે હેન્ડલૂમથી બનારસી, કલકત્તી, મદુરાઈ કાપડનો ધંધો સાઈડમાં ચલાવાય, હાથ ઉદ્યોગને વિકસાવાય, સરકારની સબસીડી મેળવી શકાય—મળે છે. આટલી ટૂંકી રૂપરેખા આપી છે. જો વ્યવસ્થિત તંત્ર ગોઠવવામાં આવે તો કતલખાને એક પણ પશુ જઈ ન શકે. અને દેશના છ લાખ ગામડા ધમધમી ઊઠે. શહેરોની ગીચતા અને ઝૂંપડપટ્ટી રહે નહીં. કારણ કે માણસને પોતાના વતનમાં જ રોજગારી મળતી હોય તો શહેરોમાં શું કામ જાય? અને પછી રાજકીય નેતાઓને સીધા કરવા સુપ્રીમકોર્ટમાં કેસ લડી શકાય. અને કાયદા કરાવી શકાય. ચુકાદો મેળવી શકાય.

આ લાંબા પત્રને લેખરૂપે—ચર્ચા રૂપે આપના પત્રમાં મૂકો. અનેક બુદ્ધિશાળી માણસો છે. જુદા જુદા પ્લાન તૈયાર કરી બતાવશે.

પશુરક્ષાથી કરોડપતિ બની શકાશે એવું પુરવાર કરશું તો મુસલમાનો માંસાહારીઓ પણ આ ધંધામાં ઝંપલાવવા આવશે.

*જીવદયા—જીવરક્ષા પ્રેમી*
*રાયચંદ મગનલાલ શાહ*
*૧૨, રામવિહાર, રોકડીઆ લેન,*
*બોરીવલી વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૯૨.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

*With Best Compliments*


*From*

JE

**JACOB ELECTRONICS PVT. LTD.**

Mfrs. Audio cassette, componants and compect disc Jonrl box.

1/2 & 3 Building, "B" Sona Udyog,
Parsi Panchayat Road,
Andheri (E), MUMBAI-400 069



Website : WWW JetJacob.com
E-mail : JetJacob@vsNL.com

Tel : 838 3646
832 8198
831 5356
Fax : 823 4747

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી હીરા-રતન-માણેકના ૪૧૧ દિવસના સળંગ ઉપવાસનું પારણું

પહેલા જ દિવસથી સંપૂર્ણ મેડિકલ ચેકઅપ સાથે જૈન ધર્મ પ્રમાણેના સળંગ ૪૧૧ ઉપવાસ કરીને વિશ્વવિક્રમ સર્જનાર સૂર્ય ઊર્જા શક્તિનાં પ્રયોગવીર, ગાયત્રી ઉપાસક શ્રી હીરા-રતન-માણેકનું પારણું જૈન ધર્મના પ. પૂ. સંતશ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા.ની નિશ્રામાં અને હિન્દુ ધર્મના મહાન સંતશ્રી રમેશભાઈ ઓઝાના આશીર્વાદથી તેમજ પ. પૂ. સંતશ્રી આધ્યાત્માનંદજી અને શ્રી હીરા-રતન-માણેકનાં ઉપવાસનું સંપૂર્ણ મેડકલ પરીક્ષણ સળંગ ૪૧૧ દિવસ સુધી કરનાર હેલ્થકેર ઈન્ટરનેશનલ મલ્ટીથેરાપી ઈન્સ્ટીટ્યુટ અને જૈન ડોક્ટર્સ ફેડરેસનના ડોકટરોની હાજરીમાં તા. ૧૫ ફેબ્રુઆરીએ અખિલ ગુજરાત જનહિત સેવા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ગુજરાત રાજયના ચેરમેન શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા આયોજીત પ. પૂ. સંતશ્રી રમેશભાઈ ઓઝાની અમદાવાદ ખાતેની ભાગવત કથામાં થયું.

ભારતમાંથી માંસની નિકાસ બંધ થાય તેમ જ જીવહિંસા અટકે તેવા સંકલ્પ સાથે ઉપવાસ કરનાર શ્રી હીરા-રતન-માણેક ૪૦૧ દિવસના ઉપવાસે પાલીતાણાનો ડુંગર ખૂલ્લા પગે જાતે ચઢનાર વિશ્વની પ્રથમ વ્યક્તિ છે.

શ્રી શામજી ભવાનજી ઝવેરીના પરિવારે રૂા. ૧,૧૫,૧૧૧-૦૦ ની ઉછામણી બોલી સૌ પ્રથમ પારણા કરાવવાનો લાભ લીધો હતો. આ રકમ ભૂકંપ ગ્રસ્ત લોકો માટેના રાહત કાર્યમાં વપરાશે.

## અહંકાર

**હજારો-લાખો કમલોને ઉત્પન્ન કરનાર કાદવ-કીચડ કયારે પણ ગર્વથી ફૂલાતો નથી.**

**અસંખ્ય મોતીઓને જન્મ આપનાર છીપ કદી પણ અહંકારમાં ચકચૂર થઈ જતી નથી.**

**પરંતુ માનવ જ એવો છે કે જે કંઈ ન કરવા છતાં ગર્વથી અકડાઈ જાય છે.**

**અહંકાર એ અધોગતિનું બીજ છે.**

**અહંકારને ઓગાળી પ્રકૃતિના તત્ત્વોની જેમ બદલાની આશા રાખ્યા વિના જીવનને સેવાપરાયણ બનાવીએ.**

*

**કંઈ લાખો ચાલ્યા ગયા, નજર પણ પડતી નથી;**
**કંઈ લાખો ચાલ્યા જશે, નજર પણ રડતી નથી;**
**તારા ઐશ્વર્યનું અભિમાન ન કર, ઓ માનવ!**
**અહિં તો સિકંદર શાહ જેવાની, કબર પણ જડતી નથી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash ❑ એપ્રિલ : ૨૦૦૧ ❑ Regd. No. GBV. 31

सुखस्य स्पृहणीयत्वं सुप्रसिद्धं जगत्त्रये ।
यस्तु जानाति दुःखस्य महिमानं स त-त्त्ववित् ।।

卐

સુખની સ્પૃહણીયતા (ઈષ્ટતા) તો દુનિયાભરમાં પ્રસિદ્ધ છે, પણ જે દુઃખનું મહત્ત્વ સમજે છે તે ખરો તત્ત્વવેત્તા છે. ૨૮

卐

The desirability of happiness is well-known in the whole world, but he is a real philosopher who has realized the importance of misery. 28

*(કલ્યાણભારતી ચેપ્ટર-૫, ગાથા-૨૮, પૃષ્ઠ-૯૧)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only